ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૬ | ૨૭ માર્ચ, ૨૦૨૦, શુક્રવાર; ચૈત્ર સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કેન્દ્રનું ૧.૭૦ લાખ કરોડનું કોરોના રાહત પેકેજ

**ઇપીએફમાં ત્રણ મહિના સુધી સંપૂર્ણ યોગદાન આપવા સરકારની જાહેરાત : કોરોના લડાઈમાં સાથ આપનારાને ૫૦ લાખનું વિમા સુરક્ષા છત્ર મળશે : કોરોના વાયરસથી ભાંગી પડેલા અર્થતંત્રમાં પ્રાણ ફૂંકવાના ઇરાદાથી પેકેજ જાહેર : ગરીબો માટે ભોજનની વ્યવસ્થા : બીપીએલ પરિવારોને ફ્રી સિલિન્ડરો**



નવીદિલ્હી,તા. ૨૬

કોરોના વાયરસથી ભાંગી પડેલા અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા માટે નાણામંત્રી નિર્મલા સીતારામને ધારણા પ્રમાણે જ ૧.૭૦ લાખ કરોડ રૂપિયાના મહાકાય પેકેજની જાહેરાત કરી હતી. ઈકોનોમીને નિર્મલા સીતારામને બુસ્ટર આપીને શ્રેણીબદ્ધ જાહેરાતો કરી હતી. આનાથી મોટી સંખ્યામાં લોકોને રાહત આપવા હેઠળ આવરી લેવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, ગરીબો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ડીબીટી મારફતે એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરવામાં આવશે. આ ઉપરાંત સરકારે જે મોટી જાહેરાત કરી છે તેમાં ત્રણ મહિના સુધી કર્મચારી અને કંપની બંનેના હિસ્સાનું યોગદાન આપનાર છે. આ બાબત એ જગ્યાએ લાગૂ થશે જ્યાં ૧૦૦થી વધારે કર્મચારી છે અને ૯૦ ટકા કર્મચારી ૧૫ હજારથી ઓછો પગાર મેળવી રહ્યા છે. નાણામંત્રીએ કહ્યું હતું કે, જે લોકો કોરોનાની લડાઈમાં સાથ આપી રહ્યા છે તેમના માટે ૫૦ લાખ વિમા કવર આપવામાં આવશે જેમાં આશા વર્કર અને ડોક્ટર આશા વર્કર, નર્સ અને અન્ય મેડિકલ સ્ટાફ સામેલ છે. આનાથી ૨૦ લાખ મેડિકલ કર્મચારીઓને લાભ થશે. વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજનાને બે ભાગમાં વિભાજિત કરી દેવામાં આવી છે. પ્રથમમાં અન્ન યોજના હેઠળ ૮૦ કરોડ ગરીબ લોકોને આવરી લેવામાં આવશે. આ યોજના હેઠળ આગામી ત્રણ મહિના સુધી પાંચ કિલો ચોખા અને ઘઉં મફતમાં આપવામાં આવશે. આ ઉપરાંત એક કિલો દાળ દરેક પરિવારને મફતમાં આપવામાં આવશે. યોજના હેઠળ આઠ કેટેગરીમાં કિસાન, મનરેગા, ગરીબ વિધવા પેન્શન, દિવ્યાંગ, જનધન યોજના, ઉજ્જવલા યોજના, સેલ્ફ હેલ્પ ગ્રુપ, ઓર્ગેનાઈઝ્ડ સેક્ટર વર્ક્સ,

● અનુસંધાન પાના - ૭ પર

## કોરોના પેકેજની હાઈલાઈટ્સ

**૮.૭ કરોડ ખેડૂતોને ૨૦૦૦ રૂપિયા એપ્રિલમાં**

- ૮૦ કરોડ લોકોને બંને સમયે ભોજન મળે તેની ખાતરી કરાશે
- આગામી ત્રણ મહિના સુધી રેશનિંગ કાર્ડ ધારકોને પાંચ કિલો એક્સ્ટ્રા ઘઉં, ચોખા અને એક કિલો દાળ
- મનરેગા હેઠળ આવક ૧૮૨ રૂપિયાથી વધારીને ૨૦૨ રૂપિયા કરાઈ
- દેશમાં મનરેગા યોજનાનો લાભ પાંચ કરોડ લોકોને મળે છે
- વરિષ્ઠ લોકો, દિવ્યાંગો અને વિધવાઓને એક રકમ ૧૦૦૦ રૂપિયા બે હપ્તામાં અલગથી આપવામાં આવશે. આ વ્યવસ્થા આગામી ત્રણ મહિના માટે રહેશે. આનાથી ત્રણ કરોડ લોકોને લાભ થશે
- કોરોના સામે લડાઈ લડી રહેલા તબીબો, નર્સ, આશા સહયોગી અને અન્ય મેડિકલ સ્ટાફ માટે મેડિકલ ઈન્સ્યોરન્સની જાહેરાત. સરકારે આવા લોકો માટે ૫૦ લાખના મેડિકલ ઈન્સ્યોરન્સની જાહેરાત કરી છે. આનાથી ૨૦ લાખ મેડિકલ કર્મીઓને ફાયદો થશે
- ઉજ્જવલા યોજના હેઠળ દેશના આશરે ૮.૩ કરોડ પરિવારને ગેસ સિલિન્ડર મળે છે. આગામી ત્રણ મહિના સુધી તેમને મફતમાં ગેસ સિલિન્ડર મળશે
- દેશમાં મહિલાઓના નામ ઉપર આશરે ૨૦ કરોડ જનધન ખાતા ખુલ્યા છે. તેમના ખાતામાં આગામી ત્રણ મહિના સુધી ૫૦૦-૫૦૦ રૂપિયા જમા થશે
- જે લોકોને ઈપીએફઓનો લાભ મળે છે તેમના માટે આગામી ત્રણ મહિના સુધી સરકાર કંપની માલિક અને એમ્પ્લોઈઝ બંનેનો હિસ્સો જમા કરશે. આ એવી કંપનીઓ ઉપર લાગૂ થશે જ્યાં ૧૦૦થી વધારે કર્મચારીઓ છે અને ૯૦ ટકા કર્મીઓનો પગાર ૧૫૦૦૦થી ઓછો છે

# સેંસેક્સમાં વધુ ૧૪૪૧ પોઈન્ટની રિકવરી

**શેરબજારમાં સતત ત્રીજા દિવસે જોરદાર રિકવરીનો દોર રહ્યો : કોરોના વાયરસને રોકવા માટે કેન્દ્ર અને રાજ્યોના યુદ્ધના ધોરણે પ્રયાસ અને આર્થિક મંદીને દૂર કરવા સરકારના મહાકાય પેકેજ બાદ શેરબજારમાં રિકવરી**

મુંબઈ,તા. ૨૬

શેરબજારમાં આજે સતત ત્રીજા દિવસે જોરદાર તેજીનો માહોલ રહ્યો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૧૪૧૧ પોઈન્ટ ઉછળીને ૨૯૯૪૭ની ઉંચી સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટીમાં ૩૨૪ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૮૬૪૧ રહી હતી. સેંસેક્સમાં ૫ ટકાની આસપાસ અને નિફ્ટીમાં ચાર ટકાની આસપાસનો ઉછાળો રહ્યો હતો. વ્યક્તિગત શેરોની વાત કરવામાં આવે તો ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં ૪૫ ટકાનો જોરદાર ઉછાળો રહ્યો હતો. બીએસઈમાં તેના શેરની કિંમત ૪૩૭ સુધી પહોંચી હતી. હજુ સુધી એક દિવસમાં સૌથી મોટો ઉછાળો ઈન્ડસઈન્ડ બેંકમાં રહ્યો છે. અન્ય શેરની વાત કરવામાં આવે તો ભારતી એરટેલના શેરમાં ૧૧ ટકા સુધીનો ઉછાળો રહ્યો હતો. લાર્સન એન્ડ ટુબ્રોના શેરમાં ૧૦ ટકાનો ઉછાળો રહ્યો હતો. બજાજ ફાઈનાન્સના શેરમાં આઠ ટકાનો ઉછાળો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૩.૫ ટકાનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૦૫૬૮ રહી છે. જ્યારે એસએન્ડપી બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૩૪૧ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૯૪૭૦ રહી છે. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો પ્રાઈવેટ બેંકમાં સૌથી મોટો ઉછાળો રહ્યો હતો. નિફ્ટી પ્રાઈવેટ બેંક ઈન્ડેક્સમાં ૮ ટકાની આસપાસનો ઉછાળો રહ્યો હતો. નિફ્ટી રિયાલીટીમાં પણ ઉલ્લેખનીય સુધારો થયો છે. શેરબજારમાં આજે તેજી માટે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા પેકેજને મુખ્ય કારણ તરીકે જોવામાં આવે છે. કેન્દ્ર સરકાર તરફથી જંગી પેકેજ જાહેર કરાયું છે જેની અસર શેરબજારમાં રહી હતી અને તીવ્ર ઉછાળો રહ્યો હતો.

## સ્પેનમાં ૨૪ કલાકમાં ૭૩૮, ઈટાલીમાં ૬૮૩ના મોત

નવી દિલ્હી, તા. ૨૬

કોરોના વાયરસના કારણે દુનિયામાં સૌથી વધારે ખૌફનાક હાલત હાલમાં સ્પેન અને ઈટાલીની થયેલી છે. બંને દેશોમાં કોરોના વાયરસે ખુબ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા એક પછી એક મોટી સંખ્યામાં લોકોના મોત થઈ રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકની જ વાત કરવામાં આવે તો ઈટાલીમાં ૬૮૩ લોકોના મોત થયા છે. જ્યારે સ્પેનમાં તો ૭૩૮ લોકોના મોત થઈ ચુક્યા છે. મોતના મામલે હવે ઈટાલી બાદ સ્પેન પણ ચીન કરતા આગળ છે. સ્પેનમાં મોતનો આંકડો વધીને ૩૬૪૭ સુધી પહોંચી ગયો છે. જ્યારે ઈટાલીમાં મોતનો આંકડો ૭૫૦૩ સુધી પહોંચી ગયો છે. ઈટાલીમાં સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં હવે દુનિયામાં સૌથી વધારે ખરાબ હાલત ઈટાલીની થઈ છે. વિશ્વ યુદ્ધ દરમિયાન પણ આટલી મોટી સંખ્યામાં લોકોના મોત એક દિવસમાં થયા ન હતા.

# વિશ્વભરમાં કોરોનાનો કાળો કેર

**કોરોના કહેરથી દુનિયામાં ત્રણ અબજ પ્રજા હવે લોકડાઉનમાં છે : ૨૧ હજારથી વધુ લોકોના મોત, લાખો કેસો સપાટી પર આવ્યા : મોત-કેસોની સંખ્યા બધા ૧૯૮ દેશોમાં જે ગતિથી વધી રહી છે તે જોતા હાલ સ્થિતી કાબુમાં નહીં આવે તેવા સંકેત : દુનિયાના દેશોના યુદ્ધના ધોરણે પગલા**

નવીદિલ્હી, તા. ૨૬

ચીનના વુહાન શહેરથી શરૂ થયેલા ખતરનાક અને જીવલેણ કોરોના વાયરસનો કહેર દુનિયાના ૧૯૮ દેશોમાં જારી રહ્યો છે. તમામ દેશોમાં કેસો અને મોતનો આંકડો જે ગતિથી હજુ પણ વધી રહ્યો છે તે જોતા સ્થિતી હજુ એકબે મહિના સુધી કાબુમાં નહીં આવે તેવા સંકેત મળી રહ્યા છે. કોરોના હજુ વધુને વધુ ખતરનાક સ્વરૂપમાં છે. આ કિલર કોરોનાના સકંજામાં એક પછી એક દેશો આવી રહ્યા છે. મોતના આંકડાની વાત કરવામાં આવે તો કિલર કોરોનાના કારણે હજુ સુધી ૨૧૨૯૫ લોકોના મોત થઈ ચુક્યા છે. આવી જ રીતે કુલ કેસોની સંખ્યા ૪૭૧૪૬૮ સુધી પહોંચી ગઈ છે. રિક્વર થયેલા લોકોની સંખ્યામાં પણ ઝડપથી વધારો થઈ રહ્યો છે. જે સારા સંકેત સમાન છે. ભારત સહિત દુનિયાના દેશોમાં હાલ લોકડાઉનની સ્થિતિ રહેલી છે. હાલમાં વિશ્વમાં આશરે ત્રણ અબજ લોકો લોકડાઉનમાં જીવન ગાળી રહ્યા છે. કોરોના વાયરસનો આ આંકડો દરિયામાં પાણીની એક બુંદ સમાન છે. કારણ કે વાયરસના કારણે અસરગ્રસ્ત લોકોની સંખ્યા વિશ્વમાં ખુબ વધારે છે. કેટલાક

● અનુસંધાન પાના - ૭ પર





## વિશ્વ આરોગ્ય સંસ્થાએ સતત ચીનનો પક્ષ લઈને સાચી જાણકારી છુપાવી : ટ્રમ્પ

વૉશિંગ્ટન,તા.૨૬

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન પર આરોપ મુકયો છે કે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા કોરોના વાયરસના મામલે ચીનનો પક્ષ લેવામાં આવ્યો છે અને ચીનને બચાવવાની કોશિશ કરી છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારોને ટ્રમ્પે કહ્યુ હતુ કે, અત્યાર સુધીમાં કોરોના વાયરસને લઈને જ્યારે પણ ચેતવણી આપવાની સ્થિતિ ઉભી થઈ ત્યારે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા ચેતવણી આપવાની જગ્યાએ જાણકારી છુપાવવામાં આવી હતી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન સતત ચીનનો પક્ષ લઈ રહ્યુ છે અને તેને બચાવતુ રહ્યુ છે.જો દુનિયાને પહેલા જ આ બાબતની પૂરતી જાણકારી અપાઈ હોત તો આટલા લોકોના મોત થયા ના હોત.

## સ્પેનના નાયબ વડાપ્રધાન કાર્મેન કાલ્વોનને કોરોના વાયરસ

મેડ્રિડ,તા.૨૬

કોરોના વાયરસે સ્પેનમાં પણ પગપેસારો કર્યો છે. સ્પેનના નાયબ વડાપ્રધાન કાર્મેન કાલ્વોનો પણ કોરોના વાયરસનો ચેપ લાગ્યો છે. ૬૩ વર્ષની કાલ્વોનો પણ કોરોના વાયરસનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે.

અધિકારીઓએ જાણકારી આપી છે કે મંગળવારે કાલ્વોનો કોવિડ-૧૯ ઈન્ફેક્શન માટે ટેસ્ટ કરવામાં આવ્યો હતો. પહેલા પણ એક ટેસ્ટ કરવામાં આવ્યો હતો જે નેગેટિવ આવ્યો હતો. ત્યારબાદ સંતોષકારક પરિણામ નહીં મળતા વધુ એક ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.સ્પેનમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધીને ૪૭,૬૧૦ને પાર થઈ ચૂકી છે અને આ આંકડો સતત વધી રહ્યો છે. કોરોના વાયરસથી મૃત્યુઆંક વધીને ૩૪૩૪ને પાર થઈ ગયો છે.

## માત્ર લોકડાઉનથી નહીં અટકે કોરોના, ભારતે ચીન-સિંગાપુરના મોડલને અપનાવવાની જરૂર

**વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારતના વખાણ કર્યા**

જિનિવા,તા.૨૬

કોરોના વાઈરસના સંક્રમણને રોકવા માટે ભારત સરકારે લોકડાઉનની જે જાહેરાત કરી છે તેના વિશ્વ આરોગ્ય સંસ્થાએ વખાણ કર્યા છે. સાથે તેણે એમ પણ કહ્યું છે કે આ માત્ર એક પગલું છે, હજુ વધારે કડક પગલા લેવા પડશે.

કોરોના મહામારીએ દશભરમાં પોતાની અસર બતાવવાની શરૂઆત કરી દીધી છે. ભારતમાં હાલ તે બીજા સ્ટેજમાં ચાલી રહી છે. ત્રીજા સ્ટેજમાં ન પ્રવેશવા માટે ભારતે ૨૧ દિવસના લોકડાઉન જેવા કડક પગલાને ઉઠાવ્યું છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારતના આ પગલાના વખાણ કર્યા છે. કહ્યું કે ભારતે ઝડપથી દેશને લોકડાઉન કર્યો તે એ સારું પગલું છે. આ સાથે બીજા પણ નિર્ણયો કરવા પડશે, માત્ર લોકડાઉનથી જોખમ ટળશે નહીં.

ડબલ્યુએચઓના ચેરમેન ડો. ટ્રેડોસે કહ્યું કે ભારત પાસે કોરોનાને હરાવવાની ક્ષમતા છે અને તે સારી વાત છે. ભારતે વહેલા ધોરણે લોકડાઉન કરવાનો નિર્ણય કર્યો છે. તેમણે વધુમાં કહ્યું કે જે દેશોએ શરૂઆતમાં જ કડક નિર્ણયો નથી લીધા અને સાવધાની નથી રાખી તે દેશમાં ખરાબ અસર જોવા મળી રહી છે. ડબલ્યુએચઓના ડો. રેયાને કહ્યું કે લોકડાઉન સારું પગલું છે, પરંતુ ભારતે આગળ પોઝિટિવ કેસોને શોધવા પડશે. પીડિત વ્યક્તિના સંપર્કમાં જે પણ આવ્યા છે તેઓને અલગ કરવા પડશે. જો આવું થઈ જશે તો કોરોના વાઈરસને આગળ વધતો અટકાવી શકાશે. તમણે એ વાતને પણ ફરી કહી હતી કે ભારતે પોલીયોથી છૂટકારો મેળવ્યો છે તેમ કરોના વાઈરસમાં પણ કમાલ કરશે. લોકડાઉનને લઈને ડો. મારિયા વેને કહ્યું કે એવું નથી કે તમે લોકડાઉન કરીને તેનાથી છૂટકારો મેળવી લેશો, આગળ તમારે તમારા પ્લાનમાં સતત ફેરફાર કરતો રહેવો પડશે અને જ્યાં વધારે કેસ છે તે સાવધાની રાખવી પડશે. આવામાં ચીન અને સિંગાપુરનું મોડલ અપનાવી શકાશે.

# દેશમાં કોરોનાનો વ્યાપ અને વેગ વધ્યો

**ગોવામાં પણ પગ પેસારો : કોરોનાને રોકવા માટે યુદ્ધસ્તર ઉપર લોકડાઉનની સ્થિતી વચ્ચે તમામ પગલા લેવાઇ રહ્યા હોવા છતાંય નવા નવા કેસ સપાટી પર : સ્થિતી હજુ વણસી શકે**

નવી દિલ્હી, તા.૨૬

કોરોના વાયરસના ખતરનાક સ્વરૂપની અસરને ટાળવા માટે દેશભરમાં કઠોર રીતે લોકડાઉનની સ્થિતી હોવા છતાં દેશના જુદા જુદા ભાગોમાં કોરોનાના નવા કેસો સપાટી પર આવી રહ્યા છે. જે ચિંતા ઉપજાવે છે. ભારતમાં કેસોનીં સખ્યા વધીને ૬૬૦ સુધી પહોંચી ગઈ છે. બીજી બાજુ મોતનો આંકડો વધીને ૧૬ થઈ ચુક્યો છે. આજે દેશના કેટલાક ભાગોમાં મોતનો આંકડો વધ્યો હતો. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના ૧૨૧ પોઝિટિવ કેસ ભારતીયોમાં આવ્યા છે જ્યારે ત્રણ વિદેશી પોઝિટિવ આવ્યા છે. આવી જ રીતે કેરળમાં ૧૧૦ પોઝિટિવ કેસ આવ્યા છે. આઠ વિદેશી પણ પોઝિટિવ આવ્યા છે. ગુજરાતમાં આજે કોરોનાના પાંચ કેસ નોંધાયા હતા. દેશમાં સૌથી વધારે ત્રણ-ત્રણ મોત મહારાષ્ટ્ર અને ગુજરાતમાં થયા છે. બિહારમાં કોરોનાનો એક કેસ આવ્યો છે. ૨૦ વર્ષીય આ શખ્સનો કોઈ પ્રવાસ ઈતિહાસ નથી. રાજ્યમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા સાત થઈ છે. બિહારમાં કોરોના સામે લડવા ૧૦૦ કરોડ રૂપિયાના રાહતની જાહેરાત મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા કરાઈ છે. છેલ્લા પાંચ દિવસના ગાળામાં ભારતમાં દરરોજ સરેરાશ ૫૬ કેસો નોંધાઈ રહ્યા છે. કુલ ૫૬ લોકો ભારતમાં રિક્વર થઈ ચુક્યા છે. ગોવામાં ત્રમ કેસો સપાટી પર આવ્યા છે. તમામ ત્રણેયની વય ૨૫, ૨૮ અને ૫૫ વર્ષ હોવાના હેવાલ મળ્યા છે. તમામ ત્રણેય સ્પેન, ઓસ્ટ્રેલિયા અને અમેરિકામાંથી આવ્યા છે. ગોવા અને ઉત્તપૂર્વમાં કોરોનાની એન્ટ્રી થઈ છે. સોમવારના દિવસે ૯૯ કેસો નોંધાયા બાદ બુધવારના દિવસે ૯૪ કેસો સપાટી પર આવ્યા હતા. કોરોના વાયરસના કેસો ભારતમાં પણ હવે વધી રહ્યો છે. કોરોનાને રોકવાના હેતુસર સાવચેતીના પગલા લેવાનો સિલસિલો જારી છે. ધાર્મિક સ્થળોને પણ એક પછી એક બંધ કરવામાં આવી ચુક્યા છે. ઐતિહાસિક સ્મારકોને પણ બંધ કરી દેવાયા છે. ભારતમાં કોરોના વાયરસના કારણે મોતનો આંકડો વધીને ૧૩ પર પહોંચી ગયો છે. દેશના મોટાભાગના રાજ્યોમાં સ્કુલ કોલેજો, મલ્ટીપ્લેક્સ, સિનેમાહોલ અને મોલને બંધ કરવાની જાહેરાત કરવામાં આવી ચુકી છે. ભારતમાં કોરોનાના વધતા કેસો વચ્ચે તકેદારી સતત વધી રહી છે.

## દેશમાં ક્યાં કેટલા કેસ નોંધાયા

| રાજ્યો | ભારતીય દર્દી | વિદેશી દર્દી | રાજ્યો | ભારતીય દર્દી | વિદેશી દર્દી |
|---|---|---|---|---|---|
| આંધ્રપ્રદેશ | ૧૧ | ૦૦ | પંજાબ | ૩૩ | ૦૨ |
| છત્તીસગઢ | ૦૩ | ૦૦ | રાજસ્થાન | ૩૬ | ૦૨ |
| દિલ્હી | ૩૪ | ૦૧ | તેલંગાણા | ૩૧ | ૧૦ |
| ગુજરાત | ૪૪ | ૦૧ | ઉત્તરપ્રદેશ | ૩૬ | ૦૧ |
| કર્ણાટક | ૪૧ | ૦૦ | તમિળનાડુ | ૨૦ | ૦૬ |
| કેરળ | ૧૧૦ | ૦૮ | મધ્યપ્રદેશ | ૧૫ | ૦૦ |
| મહારાષ્ટ્ર | ૧૨૧ | ૦૩ | કર્ણાટક | ૪૧ | ૦૦ |